## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અમે જીવદયામાં માનવાવાળા લોકો છીએ, એટલે શસ્ત્ર રાખવાં પડે છે.

# જિલ્લા-શહેરી વિસ્તારના પ્રથમ એમઆરઆઈ સેન્ટરનો આજે પ્રારંભ







ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૬ અપના બાજારની બાજુમાં કદમ્બ અને સતાધાર ડાયગ્નોસ્ટીકનો ઉદ્ઘાટન સમારોહ તા.૩ જુનને રવિવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે યોજાશે. આ એમઆરઆઈ સેન્ટરના ઉદ્ઘાટન પ્રસંગે રાજયના પૂર્વ મંત્રી અને વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા અને શ્રી નિર્લેપ સ્વામી ઉપસ્થિત રહીનો આર્શિવચન પાઠવશે. ત્યારે ગાંધીનગર શહેર-જિલ્લામાં સૌ પ્રથમવાર એમઆરઆઈ સેન્ટરનો શુભારંભ થશે.

ગાંધીનગર શહેરી અને જિલ્લા વિસ્તારના દર્દીઓને એમઆરઆઈ અને સીટીસ્કેન માટે અમદાવાદ સુધી લાબા થવુ પડતું હતું. જેને પગલે દર્દીઓ તેમજ સ્નેહીજનોને ભારે પરેશાની ભોગવવી પડતી હતી. તાજેતરમાં જ શહેરમાં સીટીસ્કેનની સેવા ઉપલબ્ધ થઈ હતી. ત્યારે ગાંધીનગર જિલ્લા અને શહેરી વિસ્તારના દર્દીઓ માટે શહેરમાં કદમ્બ ડાયગ્નોસ્ટીકનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. ત્યારે કદમ્બ ડાયગ્નોસ્ટીક દર્દીઓ માટે આર્શિવાદરુપ સાબિત થશે. ગાંધીનગર શહેરના ડાયગ્નોસ્ટીક સેન્ટરમાં ૨૪ કલાક બે રેડીયોલોજી ડોકટર્સ હાજર રહેશે તેમજ અમદાવાદથી ઓછા ખર્ચે તમામ સુવિધા મળશે.

આ સુવિધામાં ૧.૫ ટેસ્લા સાઈલેન્ટ એમઆરઆઈ, ૩૨ સ્લાઈસ સીટીસ્કેન, એન્જીયોગ્રાફી, ડીજીટલ એક્સ-રે, કલર ડોપલર, સોનોગ્રાફી-૩ ડી-૪ ડી, તેમજ ઈન્ટરનેશનલ રેડીયોલોજી નો સમાવેશ થાય છે. હદય સિવાયની તમામ એન્જીયોગ્રાફી તેમજ બ્રેઈન સ્ટોક દર્દીના એમઆરઆઈ થશે. તમામ રેડીયોલોજી ટેસ્ટ હવે એક જ સ્થળ પર થઈ શકશે. કદમ્બ ડાયગ્નોસ્ટીકમાં રેડીયોલોજી વિભાગના ૬ ડોકટરની ટીમ રાઉન્ડ ધ કલોક હાજર રહેશે. જેમાં ડો. રેવત લખીયા, ડો. નિર્સંગ પટેલ, ડો. જય પરીખ, ડો.ચિંતન પટેલ, ડો. પાર્થ દરજી, ડો.દ્રુપદ વ્યાસનો સમાવેશ થાય છે. કદમ્બ ડાયગ્નોસ્ટીકના ઉદ્ઘાટન પ્રસંગે સૌ માનવંતા મહેમાનોને હાજર રહેવા નરેન્દ્રસિંહ.આર.ચૌહાણ, અલ્પેશ પ્રજાપતિ અને મંજલ પટેલે હાજર રહેવા અનુરોધ કર્યો છે.

# બી.કોમ.ની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટે સે-૧૫માં માર્ગદર્શનનું આયોજન

### સરકારી વાણિજય કોલેજ ખાતે તા. ૫-૬-૨૦૧૮ને મંગળવારે સવારે ૯.૪૫ કલાકે વિચારવિમર્શનું આયોજન

ગાંધીનગર, તા.૨

શાળા-કોલેજોમાં નવું સત્ર શરુ થવાની તૈયારીઓ ચાલી રહી છે. કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન કરવામાં આવી રહી છે. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટેના માર્ગદર્શન અર્થે શહેરની સેકટર-૧૫ સ્થિત સરકારી વાણિજય કોલેજ ખાતે તા. ૫-૬-૨૦૧૮ને મંગળવારે સવારે ૯.૪૫ કલાકે વિચારવિમર્શનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પ્રથમ વર્ષ બી.કોમ.ની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં ઉમેદવારોને પડતી મુશ્કેલીઓ તથા તેઓની વિવિધ સમસ્યાઓના નિરાકરણ અને માહિતી માટે વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે પ્રવેશ સમિતિ સંચાલિત ચર્ચાસભા-માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ તથા વાલીઓને હાજર રહેવા સમિતિ તરફથી અનુરોધ કરાયો છે.

# દારૂ ઢીંચીને ટલ્લી થઈ ગયેલા ૯ શખ્સો ઝડપાયા

### સે. ૧૬નાં એક ગેસ્ટહાઉસમાં બર્થ ડે પાર્ટી મનાવીને જમવા નીકળ્યા ને એલસીબી ત્રાટકી : હોટલ માલીક અને ગ્રામ પંચાયત સભ્ય સહિત ૯ને દબોચી લીધા

ગાંધીનગર, તા. ૨

શહેરનાં સેક્ટર-૧૬ ખાતે એક ગેસ્ટહાઉસમાં બર્થ ડે પાર્ટી યોજાઈ હતી. ગઈ રાત્રે આ પાર્ટી બાદ નબીરાઓ બહાર નીકળી ગાળાગાળી કરતા હોવા અંગે એલસીબીને બાતમી મળતા ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. જો કે ત્યાં સુધીમાં દારૂ ઢીંચીને ટલ્લી થઈ ગયેલા નબીરાઓ જમવા નીકળી ગયા હતા. એલસીબીની ટીમે લથડીયા ખાતા ખાતા ચોપાટી તરફ પહોંચી રહેલા એક હોટલના માલીક અને એક ગ્રામ પંચાયતના સભ્ય સહીત નવ શખ્સોને દબોચી લીધા હતા. તમામ નવ શખ્સોની ધરપકડ કરી લઈ એલસીબીની ટીમે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર એલસીબી પી.આઈ. તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ યુ.આર. નલવાયા, એએસઆઈ પુનમભાઈ સહીતના સ્ટાફના માણસોને સેક્ટર-૧૬માં આવેલી હોટલો આસપાસ રાત્રે કેટલાક અસામાજીક તત્વો છાકટા બનીને બિભત્સ વર્તન કરી રહ્યા હોવાની બાતમી મળતા દરોડો પાડ્યો હતો. દારૂ ઢીંચીને નીકળેલા નવ નબીરાઓની એલસીબીની ટીમે પકડી પાડ્યા હતા. જે પૈકી મોટા ભાગનાને ઉભા રહેવાના પણ હોંશ ન હતા. પોલીસે વાવોલ ગામમાં દરબાર વાસમાં રહેતા અને ગ્રામ પંચાયતમાં સભ્ય તરીકે સેવા આપતા અનિલસિંહ ઘનશ્યામસિંહ ગોલ, ઈડરના ચંદ્રકાન્ત અમીચંદ પટેલ, ધોળાકુવાના ગોવિંદ સોનાજી પ્રજાપતિ, સેક્ટર-૧૪ પ્લોટ નં. ૧૦૩/૧ ખાતે રહેતા મેહુલ જગદીશચંદ્ર ઓઝા, કુડાસણ પાસે હીલટોન હોટલ ધરાવતા અને આસ્કા હોસ્પિટલ પાછળ બ્લોસમ ફલેટમાં રહેતા વિનોદભાઈ જગજીવન પટેલ, સેક્ટર-૩માં રહેતા હરેશ ભારતી સ્વામી, સેક્ટર-૨૭માં રહેતા મુકતેશ ગોસ્વામી, સેક્ટર-૨૩ પ્લોટ નં. ૫૩૮માં રવિ કાંતિભાઈ પટેલ અને સે. ૫-બી પ્લોટ નં. ૧૫૪૩/૨માં રહેતા પ્રકાશ ખોડાભાઈ પટેલ મળીને નવ શખ્સોની એલસીબીએ ધરપકડ કરી લઈ તેમના આલ્કોહોલ ટેસ્ટ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૨૦ જૂન સુધીમાં બુથ લેવલ ઓફિસર દ્વારા મતદાર વેરીફીકેશનની કામગીરી કરાશે

### સતત મતદારયાદી સુધારણા અંતર્ગત ૧ થી ૨૦ જૂન દરમ્યાન પંચનો નવતર અભિગમ

ગાંધીનગર, તા. ૨

૨૦મી જૂન સુધીમાં બુથ લેવલ ઓફિસર ઘરે ઘરે ફરી અને મતદાર વેરીફીકેશનની કામગીરી કરશે. કેન્દ્રીય ચૂંટણી પંચે રાજ્યના તમામ વિધાનસભા મતવિસ્તારોમાં સતત મતદારયાદી સુધારણા ઝુંબેશના ભાગરૂપે આ કાર્યક્રમ જાહેર કર્યો છે જેમાં ૧ જૂનથી ૨૦ જૂન દરમ્યાન મતદારયાદી સુધારણા ઝુંબેશ ચાલશે.

મતદાર વેરીફીકેશન ઝુંબેશ દરમ્યાન અક્ષમતા ધરાવતા દિવ્યાંગ મતદારોની અક્ષમતાની કક્ષાની વિગતો તથા મતદાનના દિવસે તેઓ માટે જરૂરી સહાયતાની વિગતો પણ એકત્રિત કરવામાં આવશે.

૧-૧-૧૯ની સ્થિતિએ ૧૮ વર્ષ પૂર્ણ થતા હોય તેવા મતદારોના નામ નોંધવા માટેની આ તક પણ છે. ભારતના ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર ગુજરાત રાજ્યના તમામ વિધાનસભા મત વિભાગોમાં મતદારયાદી સુધારણા હેઠળ મતદારની વિગતો ચકાસીને જરૂરી સુધારા કરવા તેમજ નામ દાખલ કરવા, કમી કરવા, નામ તબદીલ કે સ્થળ ફેરફાર વગેરે કામગીરી હાથ ધરવામાં આવે છે.

પ્રવર્તમાન મતદારયાદી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરની કચેરી, મતદાર નોંધણી અધિકારી તથા મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, મામલતદાર કચેરી તેમજ મતદાર યાદીના સંબંધિત ભાગનાં બૂથ લેવલ ઓફિસર પાસે ઉપલબ્ધ છે. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યની વેબસાઈટ www.ceo.gujarat.gov.in તથા ભારતનાં ચૂંટણીપંચની વેબસાઈટ www.eci.nic.in પર ઉપલબ્ધ છે જ્યાં મતદાર પોતાની વિગત ચકાસી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કુટુંબના મતદાર હોય તેવા તમામ સભ્યોની મતદારયાદીમાં દર્શાવેલ વિગતો ચકાસી લેવા તથા જરૂરી કિસ્સામાં નિયત નમૂનામાં અરજી ફોર્મ રજુ કરવા તેમજ મતદાર યાદી સંપૂર્ણ અને ક્ષતિરહિત તૈયાર થાય તે માટે ચૂંટણી તંત્રને સહકાર આપવા જાહેર જનતાને મુખ્ય નિર્વાચન અધિકારીની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# આજે સે-૨૩માં સાંપ્રત સમયની અસહિષ્ણુતા અને આપણી ભૂમિકા વિષયે વિચાર વિમર્શ

ગાંધીનગર, તા.૨

વિશ્વ ગ્રામ પ્રેરિત વિચાર વર્તુળ દ્વારા ગાંધીનગર ખાતે સેકટર-૨૩માં એસ.કે. પટેલ એમબીએ કોલેજના ગેટ નં. ૨ થી કલાસરૂમ નં.૪ ખાતે વિચારવિમર્શનું આયોજન કરવામાં આવ્યું છે.


આજના સમયમાં સદભાવમાં સંવેદના અને સમન્વયના પર્યાયની ખોજમાં વિચારશીલ અને ચિંતનશીલ વ્યકિતઓના સમાલય થાય તે હેતુથી આ વિચાર વિમર્શનો વિષય ‘સાંપ્રત સમયની અસહિષ્ણુતા અને આપણી ભૂમિકા’ રાખવામાં આવ્યો છે. જેમાં ઉપસ્થિત શ્રોતાઓ તેમના વિચાર રજુ કરશે. આ વિચારવિમર્શ સવારે ૯.૩૦ થી ૧૧ કલાક દરમિયાન યોજાશે.

# સે-૧૩ બી ખાતે શિવ મહાપુરાણ કથાનું આયોજન

ગાંધીનગર, તા. ૨

શહેરના સેકટર-૧૩ બી પ્લોટ નં.૮૯૯ થી ૯૦૦ની સામેનો કોમન ચોક ખાતે પવિત્ર અધિક માસ નિમિતે શ્રી શિવ મહાપુરાણ કથા જ્ઞાનયજ્ઞનું આયોજન તા. ૪ થી ૧૨ જુન દરમિયાન કરવામાં આવ્યું છે. કથાનો સમય રાત્રે ૮ થી ૧૧ કલાકનો રહેશે. કથાના વકતા તરીકે શિવ ઉપાસક શ્રી તપોવન બાપુ (જીતેન્દ્રભાઈ ડી ઠાકર) કથાનું રસપાન કરાવશે. કથાનું શ્રવણ કરવા માટે શહેરના સૌ નાગરીકોને અનુરોધ કરવામાં આવે છે. કથાના મુખ્ય યજમાન સ્મિતાબેન જયેશભાઈ પંડયા પરીવાર, હંસાબેન ચંદુભાઈ પટેલ પરિવાર, મમતાબેન ત્રિવેદી પરિવાર,અને નિમિષાબેન શાહ પરિવારનો સમાવેશ થાય છે.

# સિવિલ હૉસ્પિટલમાં મેડીકલ સ્ટોરનું કામ અધ્ધરતાલ



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અદ્યતન મેડીકલ સ્ટોર તૈયાર કરવાનો હોવાથી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરુ કરી દેવાઈ હતી. ૬ માસ પહેલા જુની આરએમઓ ઓફીસની બાજુમાં આવેલા રૂમ તોડી પાડવામાં આવ્યા છે. આ સ્થળ પર મેડીકલ સ્ટોરની કામગીરી ચાલી રહી હતી. પરંતુ કયા કારણોસર કયાં ફાઈલ અટવાઈ પડી છે કે હજુ સુધી મેડીકલ સ્ટોરનુ કામ શરુ થવા પામ્યું નથી.

સિવિલ હૉસ્પિટલમાં મેડીકલ સ્ટોરનું કામ અધવચ્ચે ટલ્લે ચડ્યું હોય તેમ લાગે છે. ત્યારે કયા કારણોસર કામ અટવાયું છે તે પણ તપાસનો વિષય છે. ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ ૬૦૦ બેડની આધુનિક બનાવાઈ છે. જેમાં આઠમાળની ઈન્ડોર દર્દીઓ રાખવા માટેની બિલ્ડીંગ તેમજ પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ તમામ આધુનિક સાધનોથી સજ્જ છે. મેડીકલ કોલેજને પગલે બેડની સંખ્યામાં વધારો થતા દર્દીઓની માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. જેથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારના દર્દીઓનો ધસારો જોવા મળે છે. ત્યારે દર્દીઓની સાથે સાથે દવાઓ લેવા માટે પણ લાંબી લાઈનો લાગે છે. જેથી મેડીકલ દવાઓ આપવા માટે ૪ બારીઓ હોવા છતા દવાબારીથી ભીડ હટવાનું નામ લેતી નથી.

એક તરફ દવાનો જથ્થો ક્યાં મુકવો તે પરિસ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા મેડીકલ સ્ટોર પણ વધુ મોટો અને દવાનો જથ્થો મુકી શકાય તેમજ વધુ દવાની બારીઓ ઉભી કરી શકાય તે દિશામાં કામગીરી હાથ ધરી હતી. ત્યારે જુની આરએમઓ ઓફિસની બાજુની જગ્યા પસંદ કરાઈ હતી. ત્યારબાદ ત્યાં મેડીકલ સ્ટોર માટે તોડફોડ કરી દેવાઈ છે. જેથી રીનોવેશનની કામગીરી ચાલી રહી છે. તેવા સમયે મેડીકલ સ્ટોરની કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે. ૬ માસનો સમય વિતી ગયો હોવા છતા હજુ સુધી આ સ્થળ પર કોઈ કામગીરી આગળ હાથ ધરાઈ નથી. ત્યારે કયારે અને કેવો આધુનિક મેડીકલ સ્ટોર નિર્માણ પામે છે તે સમય જ બતાવશે.

### ગાંધીનગરના સૅક્ટર-૫ ખાતે

# ‘બઝમે હસનૈન યંગ કમિટી’ તરફથી ‘આમ ઈફતાર કાર્યક્રમ’નું આયોજન



મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમઝાન માસ દરમ્યાન તા. ૨-૬-૧૮ના રોજ સેક્ટર-૫-બી ખાતે ‘બઝમે હસનૈન યંગ કમિટી’ તરફથી સેક્ટરના મુસ્લિમ ભાઈ બહેનો માટે ‘આમ ઈફતાર કાર્યક્રમ’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦૦થી વધુ મુસ્લિમ ભાઈ બહેનો, બાળકોએ એક સાથે રોજો ઈફતાર કર્યા હતા અને ખાસ દુઆઓ માંગી હતી. આ સફળ અને સુંદર કામગીરીનુ આયોજન ‘બઝમે હસનેન યંગ કમિટી’ દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# હિમાચલ પ્રદેશના મનાલી ખાતે બાળ સાહસિકતા શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨

સરકારી બાળગૃહમાં રહેતા બાળકો પણ અન્ય બાળકોની જેમ કુદરતને માણી શકે તે માટે ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી દ્વારા આ બાળકો માટે હિમાચલપ્રદેશના મનાલીમાં બાળ સાહસિક્તા શિબિરનું આયોજન કરાયું છે. બે બેચમાં યોજાનારા આ શિબિરમાં ૧૪૭ બાળકોને આવરી લેવાશે. ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી દ્વારા આયોજિત આ શિબિરની પ્રથમ બેચ તા.૫ જૂન થી ૧૪ જૂન ૨૦૧૮ દરમિયાન તેમજ બીજી બેચ ૧૧ જૂનથી ૨૦ જૂન ૨૦૧૮ દરમિયાન યોજાશે. પ્રથમ બેચમાં સુરત, વડોદરા તથા અમદાવાદથી રાજધાની ટ્રેનમાં ૭૭ બાળકો તથા બીજી બેચમાં સુરત, વડોદરા, અમદાવાદ અને પાલનપુરથી ૭૦ બાળકો પ્રસ્થાન કરશે જેમાં સોસાયટીના અધિકારી/કર્મચારીઓ સાથે રહી બાળકોને માર્ગદર્શન આપશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બંન્ને બેચની શિબિરમાં જોગણી વોટર હોલ્સ, હિડિમ્બા ટેમ્પલ, સ્નો/ભ્રીગુ, મનાલી જેવા પર્વતોમાં પર્વતારોહણની પ્રવૃત્તિ કરવામાં આવશે. તેમજ સાહસિક તાલીમ શિબિરમાં બાળકોને રીપલીંગ, ઝીપ લાઇન, રીવક ક્રોસિંગ, કેમ્પ ફાયર જેવી પ્રવૃત્તિઓ તેમજ નેતૃત્વ, જીવન કૌશલ્ય, હકારાત્મક વિચાર શૈલી અંગે સવિસ્તૃત માર્ગદર્શન અપાશે, એમ ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટીની યાદીમાં જણાવાયું છે.

# ડી.એન. ત્રિવેદી વાત્રક વિહાર પીપરાણા શાળાનું ગૌરવ

માલપુર, તા. ૨

માલપુર તાલુકાની ડી.એન. ત્રિવેદી વાત્રક વિદ્યાવિહાર પીપરાણા હાઈસ્કૂલમાં માર્ચ ૨૦૧૮માં લેવાયેલી એચ.એસ.સી. સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ડામોર અજય મશુરભાઈએ ૮૫.૮૬ ટકા મેળવી માલપુર તાલુકામાં પ્રથમસ્થાન મેળવ્યુ છે. આ ઉપરાંત ધોરણ-૧૦માં પીપરાણા હાઈસ્કૂલના પ્રજાપતિ રાજકુમાર હર્દષભાઈએ ૭૯ ટકા મેળવીને શાળાનું અને સમાજનું નામ રોશન કર્યુ છે. આ બંને વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય જયેશ એમ. પટેલ, પ્રમુખ સુરેન્દ્રસિંહ એ. રાઠોડ, મંત્રી અમરીશ કે. પંડ્યા તથા સરપંચ બહાદુર એમ. રાઠોડે બિરદાવ્યા છે.

# આજે અમદાવાદ ખાતે મીની મેરેથોન યોજાશે

ગાંધીનગર, તા. ૧

૫ જૂન-૨૦૧૮ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીમાં ભારત યજમાન દેશ છે. ગુજરાતમાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે આગામી તા.૩જી જૂન, રવિવારના રોજ અમદાવાદ ખાતે મીની મેરેથોનનું આયોજન કરાયું છે. જેમાં પ્લાસ્ટિક વપરાશમાં ઘટાડો, પુનઃ વપરાશ અને રીસાઈકલ માટે લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરાશે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગીર ફાઉન્ડેશન, જી.ઈ.સી. અને સી.આઈ.આઈ. દ્વારા યોજાનાર આ મેરેથોન અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ, ટી.વી. ટાવર પાછળ, એન.એફ.ડી. સર્કલ પાસે, સારથી પાર્ટી પ્લોટ સામે, બોડકદેવ, અમદાવાદ ખાતે યોજાશે.

## જાહેર નિવિદા

**શ્રમ આયુક્તની કચેરી, બ્લોક નં. ૧૧, ૧૨ અને ૧૪, ૨જો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર**

**કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા પુરી પાડવા બાબત**

ઉપરના સરનામે જણાવેલ કચેરીમાં કચેરી સાફ-સુફીની કામગીરી માટે જરૂરી આનુષાંગિક સેવાઓ સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીની સેવા સહિતની સમગ્રતયા કામગીરીની ‘કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા’ પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલક અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક વચ્ચે તારીખ : ૭/૬/૨૦૧૮ થી ૧૪/૬/૨૦૧૮ દરમિયાન ઉપર જણાવેલ સરનામા ઉપરથી શ્રમ આયુક્તશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરના નામનો રૂ. ૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફી પેટે રજૂ કર્યેથી ટેન્ડર ફોર્મ મેળવી શકાશે. ટેન્ડર ફોર્મની સાથે કામગીરીની વિગતો તથા કામની પદ્ધતિ જણાવવામાં આવશે. ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત કચેરીને મોડામાં મોડા તારીખ : ૨૨/૬/૨૦૧૮ સુધીમાં બપોરે ૧૬-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે તથા તા. ૨૫/૬/૨૦૧૮ના રોજ ૩.૦૦ કલાકે ટેન્ડર ખોલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**સ્થળ : ગાંધીનગર** **સહી/-**

**તારીખ : / /૨૦૧૮** **નાયબ શ્રમ આયુક્ત**

**માહિતી/૫૮૮/૧૮-૧૯** **ગુજરાત રાજ્ય, ગાંધીનગર**